# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

રેફ નં. તા: ૦૪/૧૦/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વેપાર – ઉદ્યોગમાં સફળ થવા બીજા કરતા અલગ કરવું પડશે, ક્વોલિટીને મેઇન્ટેન કરવું એટલે બ્રાન્ડીંગ થાય : સીએ જય છૈરા

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Branding is not Brand New, Know the Meaning, Nature, and Significance of Branding વિષે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧લી ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Branding is not Brand New, Know the Meaning, Nature and Significance of Branding વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે જર્મની, ઇટલી, યુએસ, યુકે અને ચાઇનાની કુલ ૨૯ જેટલી ડીગ્રી ધરાવનાર તેમજ સુરત ICAIના ભૂતપૂર્વ ચેરમેન અને WIRCના ભૂતપૂર્વ વાઇસ ચેરમેન ઉપરાંત સરકારની વિવિધ બોડીની સાથે કામ કરનારા જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જય છૈરાએ યુવા ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, વિવિધ ઉદ્યોગો જેવા કે જ્વેલરી, સોલાર, કેમિકલ એન્ડ ડાઇઝ, ઇલેક્ટ્રીક વ્હીકલ્સ, સ્ટાર્ટ–અપ, સુરત ડાયમંડ બુર્સ, મેગા ટેક્સટાઇલ પાર્ક હવે બ્રાન્ડ બનશે. બ્રાન્ડીંગમાં પહેલા ફિલ્મ એક્ટર, સ્પોર્ટ્સ પર્સન, પોલિટિશ્યન, બિઝનેસ સેલિબ્રિટીઝ તેમજ રિલીજીયસ લીડર્સની મોનોપોલી હતી. સોશિયલ મિડિયાને કારણે હવે કોઇપણ નાગરિક બ્રાન્ડ એમ્બેસેડર

બની શકે છે. બ્લોગર, ઇન્ફલ્યુએન્સર, કવોલિટી ઓફ કન્ટેન્ટ રાઇટીંગ તેમજ મિડિયા પ્રેઝન્ટેશન થકી સામાન્ય નાગરિક હવે બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે.

વકતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જય છૈરાએ જણાવ્યું હતું કે, બ્રાન્ડીંગ માટે દરેકે કામ કરવાની જરૂર છે. સુરત એ ઉદ્યોગ – ધંધા જ નહીં પણ અન્ય ક્ષેત્રોમાં પણ આગળ વધતું શહેર છે ત્યારે સુરતનું પણ બ્રાન્ડીંગ થવું જોઇએ. બેંગ્લોરની જેમ સુરતને પણ આગળ વધારી શકાય છે. સદીઓ પહેલા ભારતે જ વિશ્વને બ્રાન્ડીંગ બતાવ્યું છે. કવોલિટીને મેઇન્ટેન કરવું એટલે બ્રાન્ડીંગ થાય. તેમણે વેપાર – ઉદ્યોગમાં સફળ થવા માટે બીજા કરતા અલગ કરવાની સલાહ ઉદ્યોગ સાહસિકોને આપી હતી.

વધુમાં તેમણે બ્રાન્ડ ઇન્ટીગ્રીટી માટે પ્રોડકટ, કવોલિટી, ફીચર્સ, ઇમોશન્સ, એડવર્ટાઇઝમેન્ટ, વેબસાઇટ અને લોગો વિષે વિસ્તૃત સમજણ આપી હતી. બિઝનેસમાં સ્કેલઅપ થવા માટે બધા જ સેગમેન્ટમાં ધ્યાન આપવું પડશે. બ્રાન્ડને કયારેય ડાયલુટ કરવી જોઇએ નહીં. ગ્રોથ કરવા માટે વિઝન જરૂરી છે. ફેમિલી બિઝનેસને પણ પરિવારજનોએ એકસાથે બેસીને વિઝન બનાવવું પડશે અને ગ્લોબલી આઉટલુક કરવું પડશે. ખાસ કરીને વૈશ્વિક કક્ષાએ પ્રોડકટની કવોલિટી અને ગ્રાહકની જરૂરિયાત જોવી પડશે. સુરતના ઉદ્યોગ સાહસિકોએ પણ કમ્બાઇન બ્રાન્ડીંગ કરવાની જરૂર છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ કાર્યક્રમમાં પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના યંગ આંત્રપ્રિન્યોર્સ સેલના ચેરમેન કરણ ગુજરાતીએ વકતાનો પરિચય આપ્યો હતો અને કો–ચેરમેન ઉમંગ શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી ભાવેશ ટેલરે પ્રાસંગિક વિધી કરી હતી. અંતે માનદ્ ખજાનચી ભાવેશ ગઢીયાએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.